જાહેરાત, પ્રેસનોટ તેમજ અખબાર મેળવવા માટે સંપર્ક કરો

સમગ્ર ગુજરાતમાં પત્રકારો તેમજ પ્રેસ પ્રતિનિધિઓ નિમવાના છે.

સુરત :- ૧૬૧, શિવઓમનગર, મેરૂ લક્ષ્મી મંદિર રોડ, તાડવાડી, રાંદેર

મો. ૭૫૭૪૮ ૮૮૮૬૧, ૮૪૦૧૦ ૧૮૬૫૬

REVOLUATION-E-GUJARAT

ગુજરાતભરમાં ફેલાવો ધરાવતું ભરૂચથી પ્રસિદ્ધ થતું એકમાત્ર અખબાર

જંગ-એ-ગુજરાત

સાપ્તાહિક અખબાર

E-PAPER

● તંત્રી : ધનંજય ઝવેરી ● બ્યૂરો ચીફ : રવિ પટેલ

વિ. સં. ૨૦૭૪ । મંગળવાર । તા. ૩૦-૧૦-૨૦૧૮ । વર્ષ : ૧૫ । પાના : ૦૪ । છૂટક નકલ : ૩ રૂ. । વાર્ષિક લવાજમ : ૨૫૧ રૂ.

માલિક-મુદ્રક-પ્રકાશક-તંત્રી : ધનંજય ઉમેશચંદ્ર ઝવેરીએ Maruti Printers, 13, Pritam Soc.-1, Nr. Kasak Fuwara, Bharuch ખાતે છપાવી જંગ-એ-ગુજરાત કાર્યાલય - ૧૩, પ્રિતમનગર સોસાયટી-૧, કસક, ભરૂચ-૨ ખાતેથી પ્રસિદ્ધ કર્યું. Registered under R.N.I. NO. GUJGUJ/2004/15636 Permitted to Post at BHARUCH RMS on Date 10, 17, 24, 31 Every Month Under Postal Registration No. : L1/BCH-57/16-18, Valid up to 31-12-2018, Mob. : 99047 33000, 75750 06850, E-mail : jung_e_gujarat@yahoo.com (ન્યાયક્ષેત્ર ભરૂચ કોર્ટને આધિન)

સ્ટેચ્યુ ઓફ યુનિટીના કારણે સુરત મનપાના સફાઈ કામદારોના રાજપીપળા ધામા





બે દિવસ રાજપીપળા થી સ્ટેચ્યુ જતા માર્ગો ઉપર સુરત અને રાજપીપળા ની ટિમો એ સફાઈ કામગીરી કરી

સુરત થી ૪૫ સફાઈ કામદારો સાથે પાંચ સુપરવાઈઝરો મળી કુલ ૫૦ કર્મચારીઓ દ્વારા રાજપીપળા બાદ હવે સ્ટેચ્યુ પર સફાઈ

રાજપીપળા : ૩૧ મી એ પી એમ મોદી સ્ટેચ્યુ ઓફ યુનિટી પર આવવાના છે ત્યારે નર્મદા જિલ્લા વહીવટી તંત્ર એક મહિના થી સતત કામે લાગ્યું છે સાથે હાલમાં છેલ્લા બે દિવસ થી સુરત મહા નગરપાલિકા ની ટીમે પણ રાજપીપળા ખાતે ધામ નાખ્યા છે અને રાજપીપળા નગરપાલિકા ના હેમરાજસિંહ રાઠોડ તેમજ એસ આઈ હેમેન્દ્ર માત્રોજા સાથે મળી સુરત અને રાજપીપળા ની ટિમો એ સ્ટેચ્યુ તરફ જતા માર્ગો ઉપર અદ્યતન મશીન સાથે સફાઈ કરી હતી જેમાં સુરત ની ટિમ માર્ગો પર થી માટી ખેંચવા માટે નું અદ્યતન સ્વીપર મશીન સાથે સાથે કામે લાગી હતી અને સતત બે દિવસ રાજપીપળા માં દિવસ રાત ની સફાઈ કામગીરી પતાવ્યા બાદ આજે સોમવારે આ ટિમો સ્ટેચ્યુ ખાતે પોહચી ત્યાંની બાજી સાંભળી રહી છે હાલ રાજપીપળા નગરપાલિકા સહીત ના તમામ તંત્ર ના અધિકારીઓ અને કર્મચારીઓ સ્ટેચ્યુ ના કાર્યક્રમ ને સફળ બનાવવા સતત મેહનત કરી રહ્યા છે

સ્ટેચ્યુ ઓફ યુનિટી ના રાષ્ટ્રાર્પણ કાર્યક્રમને અપાયો આખરી ઓપ





રાજપીપળા : વિશ્વની સૌથી ઉંચી પ્રતિમા સ્ટેચ્યુ ઓફ યુનિટી ના લોકાર્પણ માટે સરદાર જયંતિ - તા. ૩૧ મી ઓકટોબરે કેવડીયા ખાતે પધારી રહેલા વડાપ્રધાન નરેન્દ્રભાઈ મોદીની ઉપસ્થિતિમાં યોજાનારા વિવિધ કાર્યક્રમને આખરી ઓપ અપાઈ રહયો છે. ગુજરાતના મુખ્ય સચિવ જે.એન.સીંઘ તથા વરિષ્ઠ સનદી અધિકારીઓ, પીએમઓના વરિષ્ઠ અધિકારીઓ વિગેરેએ તા. ૩૧ મી ઓકટોબરે યોજાનારા કાર્યક્રમને આખરી ઓપ આપતા વિશેષ કરીને ઈન્ડીયન એવિએશનના અધિકારીઓ સાથે કદમતાલ મેળવતા, મિનિટ ટુ મિનિટ કાર્યક્રમનું રીહર્શલ હાથ ધર્યું હતું. ઉલ્લેખનીય છે કે, સરદાર સરોવર ડેમની સામે ૩.૫ કિલોમીટર દૂર, નર્મદા નદીના પટમાં- સાધુ બેટ ઉપર તૈયાર થયેલી, સરદાર સાહેબની પ્રતિમાનું વડાપ્રધાન રાષ્ટ્રાર્પણ કરશે- આ વેળા તેઓ વોલ ઓફ યુનિટી, વેલી ઓફ ફલાવર્સ, ટેન્ટ સિટી એક ભારત-શ્રેષ્ઠ ભારત અંતર્ગત દેશનાં વિવિધ રાજયોની સાંસ્કૃતિક ઝાંખી કરાવતા કાર્યક્રમો-કલાકારોને પણ મળશે. સાથે સાથે 'સ્ટેચ્યુ ઓફ યુનિટી'ના નિર્માણમાં સહયોગીઓને પણ મળી, એક ભારત-શ્રેષ્ઠ ભારત નિર્માણમાં તેમના યોગદાન બદલ અહોભાવ વ્યકત કરશે. વૈશ્વિક સ્તરે ભારતની ગરિમા અને ક્ષમતાનો પરિચય કરાવતા આ કાર્યક્રમનાં સુચારૂ આયોજન, વ્યવસ્થા માટે મુખ્ય સચિવ જે.એન.સીંધે વિસ્તૃત માર્ગદર્શન પુરૂં પાડયું હતું.

રાજપીપળામાં બનેલું અતિથિ ગૃહ લોકાર્પણ પેહલાજ વિવાદમાં

જમીનના મૂળ માલિકે વળતર ન મળ્યું હોવાનું કારણ આગળ ધરી આત્મવિલોપનની ચીમકી આપી

રાજપીપળા ખાતે ૬.૭૭ કરોડના ખર્ચે બનેલ અતિથિ ગૃહનું આજે (૩૦મી ઓક્ટોબરે)ડેપ્યુટી સીએમ નીતિન પટેલ લોકાર્પણ કરશે,એ જ દિવસે જમીનના માલિકે આત્મવિલોપનની ચીમકી ઉચ્ચારતા તંત્રમાં ખળભળાટ.

રાજપીપળા:ગુજરાત રાજ્યના માર્ગ અને મકાન વિભાગ દ્વારા રાજપીપળા ખાતે ૬.૭૭ કરોડના ખર્ચે અતિથિ ગૃહનું નિર્માણ કરાયું છે.જેનું લોકાર્પણ ગુજરાતના ડેપ્યુટી સીએમ નીતિન પટેલ ભરૂચ સાંસદ મનસુખ વસાવા અને છોટાઉદેપુર સાંસદ રામસિંહ રાઠવા સહિત અન્ય અધિકારીઓની ઉપસ્થિતિમાં આજે(૩૦ મી ઓક્ટોબરે) કરવાના છે.એ લોકાર્પણ થાય એ પેહલા જ વિવાદ પેદા થયો છે.જે જગ્યાએ આ અતિથિ ગૃહ બન્યું એ જગ્યાના મૂળ માલિકે વળતર ન મળ્યું હોવાનું કારણ આગળ ધરી પરિવાર સાથે આત્મવિલોપનની ચીમકી રાજ્યના ડેપ્યુટી સીએમ નીતિન પટેલને લેખિતમાં કરતા વહીવટીતંત્ર દોડતું થયું છે.

આ જમીનના મૂળ માલિકે પોતાની લેખિત રજુઆતમાં જણાવ્યું છે કે વર્ષ ૧૯૮૨-૮૩ થી સર્વે નંબર ૫૬/૧ અને ૫૬/૨ વાળી મારી માલિકીની જમીનમાં સરકારી રેસ્ટ હાઉસ બાંધવા માટે સર્વે હાથ ધરાયુ હતું.એ બાદ ગત વર્ષે મારી આ જમીન પર સરકારી રેસ્ટ હાઉસ બાંધકામ ચાલુ કરાયું હતું.જે બાંધ કામ હાલ પૂણ પણ થઈ ગયું છે.અમારી આ જમીન પર રેસ્ટ હાઉસ અમારી જાણ બહાર બનાવી દેવાયું છે.આજ દિન સુધી અમને સરકાર દ્વારા કોઈ પણ પ્રકારનું જમીનનું વળતર અપાયું નથી.આ સંપૂર્ણ બાબતે રેવન્યુ સેક્રેટરી અને આર.એન.બી અધિકારીઓ પણ જાણે છે,આ કેસ બાબતે અમે દિલ્હી રાષ્ટ્રીય અનુસૂચિત જનજાતિ આયોગમાં (ભારત સરકાર)ન્યાય માટે અરજી કરી છે જેની તપાસ હાલ ચાલુ છે.સાથે સાથે આ બાબતે ગુજરાત હાઈકોર્ટમાં કેસ નંબર જીઝઇ ૯૦૪૫/૧૫ થી કેસ પણ દાખલ કરેલ છે.જેની ૬/૧૨/૨૦૧૮ના રોજ કોર્ટે સુનાવણી હાથ ધરેલ છે.છતાં પણ નર્મદા જિલ્લાનું વહીવટીતંત્ર કાયદાની ઉપરવટ જઈને પોતે જ કાયદાનો ભંગ કરી અમારો સખત વાંધો હોવા છતાં પણ અમારી માલિકીની જગ્યાએ રેસ્ટ હાઉસ બનાવ્યું છે.જો અમને આ જમીનનું જંત્રી મુજબનું યોગ્ય વળતર(ન્યાય)નહિ મળે તો હું અને મારું આખું પરિવાર આ રેસ્ટ હાઉસના લોકાર્પણના દિવસે આત્મવિલોપન કરીશું.જેની સંપૂર્ણ જવાબદારી આપની અને નર્મદા જિલ્લા વહીવટીતંત્રની રહેશે.હું અને મારો આખો પરિવાર વર્ષોથી ભારતીય જનતા પાર્ટીની વિચારધારા સાથે જોડાયેલા છે,તો ભાજપ સરકારના રાજમાં અમારી સાથે આવો અન્યાય થાય એ સારી બાબત ન કહેવાય એમ જણાવી પોતાનું દુઃખ વ્યક્ત કર્યું હતું.

સ્ટેચ્યુ ના કારણે ગરુડેશ્વર તરફ ના માર્ગ ઉપર પગપાળા જતા લોકો ને પણ અકસ્માત નો ભય સતાવે છે

ભુમલિયા ગામના બસ સ્ટેન્ડ પાસે પગપાળા જતી મહિલા ને બાઈક ચાલકે ટક્કર મારતા મોત

રાજપીપળા : નર્મદા જિલ્લા ના ગરુડેશ્વર , કેવડિયા તરફ હાલ સ્ટેચ્યુ ઓફ યુનિટ ના કારણે ટ્રાફિક વધ્યો હોય પગપાળા જતા લોકો પણ હાલમાં વાહન અકસ્માત થાય એવા ડરે ખાસ કાળજી લઈ રહ્યા છે છતાં ગતરોજ ગરુડેશ્વર ના ભુમલિયા ગામ ના બસ સ્ટેન્ડ પાસે થી ચાલતી જતી એક મહિલા ને એક અજાણ્યા બાઈક ચાલકે પાછળ થી ટક્કર મારતા મહિલા નું ઘટના સ્થળેજ મોત થયું હતું

પ્રાપ્ત માહિતી અનુસાર ગરુડેશ્વર ના લીમડી ગામના નટવર કાળાભાઈ તડવી એ કેવડિયા પો.સ્ટે.માં આપેલી ફરિયાદ મુજબ એમની પત્ની સોનાબેન તારીખ ૨૮ ઓક્ટોમ્બર ના રોજ કામ અર્થે ગયા બાદ ભુમલિયા ગામના બસ સ્ટેન્ડ પાસે થી પગપાળા ઘર તરફ આવતી હતી ત્યારે પાછળ થી પુરપાટ આવેલા એક અજાણ્યા બાઈક ચાલકે સોનાબેન ને પાછળ થી ટક્કર મારી ગંભીર ઈજાઓ પોહ્ચાડતા તેનું ઘટના સ્થળેજ મોત થયું હતું ત્યારબાદ ટક્કર મારી અજાણ્યો બાઈક ચાલાક નાસી છૂટતા કેવડિયા પોલીસે અ.મોત નો ગુનો નોંધી તપાસ હાથ ધરી છે.

સ્ટેચ્યુ ઓફ યુનિટી નાગરિકો માટે ૧લી નવેમ્બરથી ખુલ્લું મૂકાશે

રાષ્ટ્રીય એકતા ટ્રસ્ટ દ્વારા વેબસાઈટ અને મોબાઈલ એપ વિકસાવા

www.soutickets.in પર જઈને ઓનલાઈન ટિકિટ માટે ૨૭મી નવેમ્બર-૨૦૧૮થી બુકિંગ કરાવી શકાશે : કેવડિયા ખોથી પણ ટિકિટ મેળવી શકશે

ભારતના લોહ પુરૂષ સરદાર વલ્લભભાઈ પટેલની વિશ્વની સૌથી ઊંચી પ્રતિમા સ્ટેચ્યુ ઓફ યુનિટીનું કેવડિયા ખાતે નિર્માણ સંપન્ન થયું છે. આ પ્રતિમાને વડાપ્રધાન નરેન્દ્રભાઈ મોદી ૩૧મી ઓકટોબરે રાષ્ટ્રાર્પણ કરનાર છે. જે આમ નાગરિકો માટે ૧લી નવેમ્બર-૨૦૧૮થી ખુલ્લું મૂકવામાં આવશે, એમ સરદાર સરોવર નર્મદા નિગમ લિમિટેડની યાદીમાં જણાવાયું છે

યાદીમાં વધુમાં જણાવાયાનુસાર સ્ટેચ્યુ ઓફ યુનિટી અને આસપાસના વિસ્તારને વૈશ્વિક સ્તરનું પ્રવાસન સ્થળ તરીકે વિકસાવવામાં આવ્યું છે. જયાં ફલાવર ઓફ વેલી, ટેન્ટ સિટીનું પણ નિર્માણ કરાયું છે. આ પ્રવાસન સ્થળની સહેલીણીઓ મુલાકાત લઈ શકે તે માટે સરદાર વલ્લભભાઈ પટેલ રાષ્ટ્રીય એકતા ટ્રસ્ટ (SVPRET) દ્વારા પ્રવાસીઓની સરળતા માટે ઓનલાઈન ટિકિટ બુકિંગ માટે વેબસાઈટ અને મોબાઈલ એપ્લીકેશન વિકસાવવામાં આવી છે. ઓનલાઈન ટિકિટ બુકીંગ માટે પ્રવાસીઓ www.soutickets.in પર જઈને ટિકિટ બુકિંગ કરાવી શકશે. આ બુકીંગ તા.૨૭ ઓકટોબરથી શરૂ કરવામાં આવશે. મોબાઈલ એપ્લીકેશન ટૂંક સમયમાં કાર્યરત કરાશે. ઉપરાંત પ્રવાસીઓ કેવડીયા ખાતે સ્ટેચ્યુ ઓફ યુનિટી પાસેથી અને શ્રેષ્ઠ ભારત ભવનથી પણ ટિકિટ મેળવી શકશે.

દેશની ૩૦ નદીઓ ના પવિત્ર જળ થી મોદી સ્ટેજ પર જળાભિષેક કરશે

રાજપીપળા : સ્ટેચ્યુ ઓફ યુનિટી નું લોકાર્પણ ની તૈયારીઓ ને આખરી ઓપ આપવામાં આવી રહ્યો છે આજે ૩૦ નદી ના પવિત્ર જળ લાવવામાં આવી રહ્યા છે અને ૩૦ બ્રાહ્મણો દ્વારા મંત્રો ચાર સુત્રોચાર કરી એક નાના શિવલિંગ પર ૩૧ઙ્ઠ ના રોજ પીએમ નરેન્દ્ર મોદી દ્વારા અભિષેક કરી સ્ટેચ્યુ નું લોકાર્પણ કરવામાં આવશે

ખાસ કરીને નર્મદ નદી વચ્ચે વિશ્વની સૌથી ઉંચી પ્રતિમા હાલ તૈયાર છે જેનું લોકાર્પણ કરાશે ત્યારે નર્મદા જળ, ગંગા, યુમુના,ગોદાવરી, સરસ્વતી, સિંધુ, કાવેરી,કરજણ, સરિયું, તાપી,બ્રહ્મપુત્રા સહીત નાની મોટી ૩૦ જેટલી નદીઓ ના પાણી કેવડીયા કોલોની ખાતે લાવવામાં આવશે અને જે ૩૦ કળશો સભા સ્થળ પર મુકવામાં આવશે આ સમગ્ર નદીઓના પવિત્ર જળથી શિવલિંગ ની પૂજા નરેદ્ર મોદી કરશે અને સ્ટેચ્યુ ઓફ યુનિટીનું લોકાર્પણ થશે.

બારડોલીમાં ઓટોરિક્ષા ડ્રાઈવર પર હુમલો

સુરત

બારડોલી લીનિયર બસ સ્ટેન્ડ નગરપાલિકાના બસ સ્ટેન્ડ નજીક એક ઓટોરિક્ષા ચાલકને લાકડાના સપાટા તથા પત્થર વડે માથા તેમજ ડાબા કાનના ભાગે માર મારી ઈજાઓ પહોંચાડી એક આરોપી ફરાર થઈ ગયો હોવાનો બનાવ બારડોલી પોલીસ મથકે નોંધાયો હતો.

પોલીસ સૂત્રોના જણાવ્યા અનુસાર બારડોલી-લીનીયર બસ સ્ટેન્ડ નગરપાલિકાના ટોયલેટ પાસે સદ્દામ રફીક શેખ નામનો ઓટો રિક્ષા ચાલક ઊભો હતો. ત્યારે તેના સગાભાઈ ફિરોઝભાઈ રફીકભાઈ શેખને કાયમનેમાટે આવતા જતા ઈલ્યાશભાઈ શેખ ગાળો દેતો હતો. આ બાબતે બારડોલી ગાંધી રોડ આશિયાના નગરમાં રહેતા ઈલીયાશશેખને પોતાના સગા ભાઈને ગાળો દેવાનું ના કહેવા જતા ઉશ્કેરાઈ ગયેલા ઈલીયાશે સદ્દામ શેખ પર લાકડીના સપાટા વડે ઢોરમાર મારી શરીરના ભાગે ઈજાઓ પહોંચાડી ફરાર થઈ ગયો હતો. રીક્ષા ચાલકે બારડોલી પોલીસ મથકમાં ફરિયાદ નોંધાવતા પોલીસે ગુનો નોંધી તપાસ હાથ ધરી છે.

સ્ટેચ્યુ ઓફ યુનિટીના લોકાર્પણ ટાણે ભારતીય વાયુસેના દ્વારા આકાશમાં ત્રિરંગાની નયનરમ્ય પ્રતિકૃતિની રચના અને પુષ્પવૃષ્ટિ થશે

સ્ટેચ્યુ ઓફ યુનિટી લોકાર્પણ સમયે દેશભરના ૩૩ રાજ્યોના કલાકારો દ્વારા ભવ્યાતિભવ્ય ભવ્ય રંગારંગ કાર્યક્રમ યોજાશે

સ્ટેચ્યુ ઓફ યુનિટી પરિસરનું પ્રદર્શન સરદાર સાહેબના જીવન કવનને માણવાનો અણમોલ અવસર

સરદાર સાહેબના એકતા અખંડિતતાના મંત્રને સુદ્રઢ બનાવવા તથા સરદાર સાહેબના જીવન કવનને લોકો જાણી અને માણી શકે તે માટે સ્ટેચ્યુ ઓફ યુનિટીની પ્રતિમાની પીઠીકામાં ૪,૬૪૭ ચો.મી. વિસ્તારમાં અદ્યતન ટેકનોલોજીયુક્ત દ્રશ્ય શ્રાવ્ય પ્રદર્શનનું નિર્માણ કરાયું છે.

દેશના વડાપ્રધાન નરેન્દ્ર મોદી આગામી ૩૧મી ઓકટોબર ના રોજ સરદાર જયંતિના દિવસે સ્ટેચ્યુ ઓફ યુનિટીને રાષ્ટ્રાર્પણ કરશે એ જ વેળાએ વડાપ્રધાન આ પ્રદર્શનને ખુલ્લુ મુકીને પ્રદર્શન નિહાળશે. આ પ્રદર્શનમાં સરદાર સાહેબના જીવનની ઝરમર તથા તેમના કાર્યોની લેવાયેલ શ્રેષ્ઠ નોંધો કે જે વિવિધ સંસ્થાઓ દ્વારા સંગ્રહ કરાઈ છે તેને પણ અહી અદભૂત રીતે પ્રદર્શિત કરાઈ છે.

સ્ટેચ્યુ ઓફ યુનિટીની પીઠીકામાં ૪,૬૪૭ ચો.મી. ક્ષેત્રફળ વિભાગમાં તૈયાર કરાયેલા આ પ્રદર્શન હોલમાં ૧૮ ફૂટ ઊંચી, સરદાર સાહેબની અદભૂત કાંસ્યની પ્રતિમા પર્યટકોને સ્ટેચ્યુ ઓફ યુનિટીની ઝાંખી કરાવશે, એક વીડિયો વોલ ઊભી કરાઈ છે આ વીડિયોવોલ ઉપર સરદાર સાહેબની વિરાટતમ પ્રતિમાના નિર્માણની સમગ્ર પ્રક્રિયાનું નિદર્શન દર્શાવશે.જેમાંથી સહેલાણીઓ ને સમગ્ર માહિતી મળી રહેશે. સાથેસાથે એક ઓડિયો-વીડિયો કિયોસ્ક તૈયાર કરાયું છે. જેમાં આ વિરાટતમ પ્રતિમાના નિર્માણમાં દેશભરના લોકોને જોતરવા માટે વિવિધ રાજયોમાંથી લોખંડ અને માટીનું એકત્રિકરણ કરાયું હતું તેની વિસ્તૃત વિગતો ટેકનોલોજીસભર કિયોસ્કમાં મૂકવામાં આવી છે.

૭૩ ફૂટ ઊંચા આ પ્રદર્શન હોલમાં નેશનલ આર્કાઈવ્સ ઓફ ઈન્ડિયા, નહેરુ મેમોરિયલ, રાષ્ટ્રપતિ ભવન, નેશનલ ગાંધી મ્યુઝિયમ, મીડલ ટેમ્પલ લંડન, ભારતીય વિદ્યાભવન મુંબઈ, મહારાષ્ટ્ર આર્કાઈવ્સ મણિભવન મુંબઈ, સાબરમતિ આશ્રમ અમદાવાદ, સ્વરાજ આશ્રમ બારડોલી અને અમદાવાદ, ગુજરાત વિદ્યાપીઠ, વીર વિઠ્ઠલભાઈ પટેલ અને સરદાર હાઉસ કરમસદ, સરદાર પટેલ યુનિ. વલભ વિદ્યાનગર, વડોદરા, રાજકોટ, જામનગર, ભાવનગર, ગાંધીનગર, હૈદ્રાબાદના સ્ટેટ આર્કાઈવ્સ, સરદાર વલ્લભભાઈ પટેલ ટ્રસ્ટ જંતરમંતર, પાર્લામેન્ટ મ્યુઝિયમ, પાર્લામેન્ટ લાયબ્રેરી, ઓલ ઈન્ડિયા રેડિયો, નેશનલ ફિલ્મ ડેવલપમેન્ટ કોર્પોરેશન, એમ.જે લાયબ્રેરી અમદાવાદ સહિતની સંસ્થાઓમાં સંગ્રહાયેલી સામગ્રી પણ અહીં રજૂ કરાઈ છે. સાથે સાથે વીડિયોમાં સરદાર સાહેબના વાસ્તિવક ફૂટેજ પણ રજૂ કરાયા છે. તેમજ ટ્રસ્ટ દ્વારા અખંડ ભારતના નિર્માણમાં વિવિધ રાજયોના વિલીનીકરણની ઘટનાઓને લોકો જાણી શકે તે માટે રાજયના પ્રખ્યાત નિર્દેશકો દ્વારા ૧૬ ફિલ્મો પણ તૈયાર કરાઈ છે. જે પણ અહીં પ્રસ્તુત કરવામાં આવી છે. ઉપરાંત સરદાર સાહેબને લગતા પ્રસિદ્ધ પુસ્તકો પણ અહીં લાયબ્રેરીમાં મૂકાયા છે.આ ઉપરાંત સરદાર સાહેબના અંગ્રેજ સરકાર સામેનો સંઘર્ષ, દેશના વિભાજન અંગે, દેશી રજવાડા એકત્રિકરણ, શૂણ-પાણેશ્વર સેન્ચ્યુરી, આદિજાતિ લોકોની જીવન શૈલી અને સંસ્કૃતિ, સરદાર સરોવર ડેમ સહિતના વિવિધ વિષયોના ફોટાઓ તથા દ્રશ્ય શ્રાવ્ય માધ્યમ દ્વારા રજૂ કરાયા છે જે માણવાનો અનમોલ અવસર છે. સ્ટેચ્યુ ઓફ યુનિટીઃ લોકાર્પણ સમયે

૪,૬૪૭ ચો.મી. વિસ્તારમાં અદ્યતન ટેકનોલોજીયુક્ત દ્રશ્ય શ્રાવ્ય પ્રદર્શન ૭૩ ફૂટ ઊંચા આ પ્રદર્શન હોલમાં વિવિધ સંસ્થાઓમાં સંગ્રહાયેલ સામગ્રી પણ અદભૂત રીતે રજૂ કરાઈ આઝાદી પછી અખંડ ભારતના નિર્માણની સમગ્ર પ્રક્રિયા વિશેની તૈયાર થયેલ ૧૬ ફિલ્મો આ પ્રદર્શનનું આકર્ષણ

દેશભરના ૩૩ રાજ્યોના કલાકારો દ્વારા ભવ્યાતિભવ્ય ભવ્ય રંગારંગ કાર્યક્રમ યોજાશે,આર્મ ફોર્સિસ, પેરા મીલીટરી ફોર્સિસ અને રાજ્ય પોલીસ દ્વારા વિવિધ સાંસ્કૃત્તિક કાર્યક્રમો યોજાશે

વડાપ્રધાન નરેન્દ્રભાઈ મોદી સહિતના મહાનુભાવોનું પોલીસ બ્યુગલર્સ દ્વારા વેલકમ બેન્ડથી ભવ્ય સ્વાગત કરાશે,૨૯ રાજ્યો અને ૨ કેન્દ્રશાસિત પ્રદેશના શ્રેષ્ઠ સાંસ્કૃતિક વૃંદો પોતાની સાંસ્કૃતિક ધરોહર સમાન કલા-વારસાને રજૂ કરશે.

ભારતના લોખંડી પુરૂષ સરદાર વલ્લભભાઈ પટેલની જન્મજયંતિની ઉજવણી ઉત્સાહપૂર્વક કેવડીયા કોલોની, નર્મદા ખાતે કરવામાં આવનાર છે જેમાં ભારતની આંતરિક અને સરહદીય સુરક્ષા જેના ખભા પર છે તેવા ગુજરાત પોલીસ દળ, એ સ.આ.પી.એફ, સી.આર.પી.એફ, આર્મી, નેવી અને એર ફોર્સના ૭ ઝીર્દ્ધિહૈકઙ્ક મ્કહઙ્ઘજ દ્વારા સાંગીતિક પ્રસ્તુતિ થશે. ઉપરાંત ભારતવર્ષમાંથી ૨૯ રાજ્યો અને ૨ કેન્દ્રશાસિત પ્રદેશોના શ્રેષ્ઠ સાંસ્કૃતિક વૃંદો પોતાની સાંસ્કૃતિક ધરોહરની પ્રસ્તુતિ દ્વારા જયારે વડાપ્રધાન સ્ટેચ્યુ ઓફ યુનિટીનું લોકાર્પણ કરવા આગળ વધશે ત્યારે વડાપ્રધાન સહિત મહાનુભાવોનું સ્વાગત કરશે.

સૌ પ્રથમ ગુજરાત પોલીસના બ્યુગલર્સ દ્વારા મહાનુભાવોનું ઊીઙ્ઘર્ષ્ઠદ્વી મ્કહઙ્ઘ થી સ્વાગત કરાશે. ત્યારબાદ, વડાપ્રધાનદ્વના વરદ હસ્તે ઉઠ્ઠઙ્ઘર્ઙ્કંહૈંઅ નું લોકાર્પણ કરશે. ત્યારબાદ, સમગ્ર દેશમાંથી પધારેલા સાંસ્કૃતિક જૂથો એક પછી એક પ્રસ્તુતિ કરશે. અને આ તમામ નૃત્યો આવનાર મહાનુભાવો અને લોકના મન હરી લેશે.

રાજ્યોના સાંસ્કૃતિક ધરોહર સમા સાંસ્કૃતિક કાર્યક્રમોની પ્રસ્તુતિ બાદ વડાપ્રધાન સ્ટેચ્યુ ઓફ યુનિટી તરફ આગળ વધશે ત્યારે ભારત દેશની આન-બાન અને શાન સમા પોલીસ દળ અને સરહદોની સુરક્ષા કરતા સશસ્ત્રદળો દ્વારા પ્રસ્તુતિ કરવામાં આવે છે. જેમાં ગુજરાત પોલીસ દ્વારા વંદે માતરમ, એસઆરપીએફ દ્વારા એ મેરે વતન કે લોગો, સીઆરપીએફ દ્વારા દેશો કા સરતાજ ભારત, બીએસએફ દ્વારા મેરા મુલ્ક મેરા દેશ, મેરા યે વતન, આર્મી દ્વારા કદમ કદમ બઢાયે જા, બીટ નં-૧ અને એરફોર્સ દ્વારા સારે જહાં સે અચ્છા હિન્દુસ્તા હમારા જેવા ગીતોની પ્રસ્તુતિ કરીને રાષ્ટ્રભક્તિમય વાતાવરણ ઉભુ કરવાનો પ્રયાસ પણ કરાયો છે ત્યારે આ રાષ્ટ્રભક્તિમય સાંસ્કૃતિક કાર્યક્રમ માણવાનો અવસર લોકો માટે અનેરો બની રહેશે.

ભારતીય વાયુસેના દ્વારા આકાશમાં ત્રિરંગાની નયનરમ્ય પ્રતિકૃતિની રચના અને પુષ્પવૃષ્ટિ થશે સૂર્યકિરણ ટીમ ઉપરાંત જગુઆર અને એમઆઈ – ૧૭ હેલિકોપ્ટરની ટીમ દ્વારા યોજાશે 'ફ્લાય પાસ' કાર્યક્રમ ભારતના સ્વાતંત્ર્ય સંગ્રામના પ્રથમ હરોળના લોકનેતા, લોહપુરુષ અને ભારતદેશને એકતા અને અખંડિતતાના એકસૂત્રે બાંધનારા રાષ્ટ્રના પ્રથમ ગૃહમંત્રી સરદાર વલ્લભભાઈ પટેલને વીરોચિત શ્રદ્ધાંજલિ સ્વરૂપે ગુજરાતની ધરતી ઉપર આકાર લઈ રહેલાં વિશ્વના સૌથી ઊંચા એટલે કે ૧૮૨ મીટરની ઊંચાઈ ધરાવતા સ્ટેચ્યુ ઓફ યુનિટીનું નિર્માણ સરદાર સરોવર નર્મદા પરિયોજનાના સાનિધ્યમાં સાધુ બેટ ખાતે કરાયું છે.

સ્ટેચ્યુ ઓફ યુનિટી સ્મારકને તા. ૩૧મી ઓક્ટોબરે સરદાર પટેલની જન્મ જયંતિ પ્રસંગે વડાપ્રધાન નરેન્દ્રભાઈ મોદી રાષ્ટ્રને અર્પણ કરશે ત્યારે ભારતીય વાયુ સેના 'ફ્લાય પાસ' કાર્યક્રમ દ્વારા આ વૈશ્વિક ઘટનાને યાદગાર બનાવશે.આ 'ફ્લાય પાસ' કાર્યક્રમ અંતર્ગત વડાપ્રધાન નરેન્દ્રભાઈ મોદી આ સ્મારકના સ્થળ ઉપર પહોંચીને સ્ટેચ્યુ ઓફ યુનિટીના અનાવરણ માટે બટન દબાવશે તે જ ક્ષણે ભારતીય વાયુસેનાની સૂર્યકિરણની ટીમ સાધુ બેટના આકાશમાં ગગનભેદી નાદ સાથે ઉપસ્થિત થશે અને ભારતીય તિરંગાની પ્રતિકૃતિથી સમગ્ર આકાશને કેસરી, સફેદ અને લીલા રંગથી ભરી દેશે.

આ પ્રસંગે ઉદબોધન બાદ વડાપ્રધાન જયારે રાષ્ટ્રીય એકતાના પ્રતિક સમી 'ધ વોલ ઓફ યુનિટી'નું અનાવરણ કરશે તે જ ક્ષણે ત્રણ જગુઆર ફાઈટર જેટ એકદમ નીચી કક્ષામાં નર્મદા ડેમ ઉપરથી સ્ટેચ્યુ ઓફ યુનિટીની દિશામાં ઉડાન ભરશે.ધ વોલ ઓફ યુનિટી નું અનાવરણ થયા બાદ વડાપ્રધાન મોદી જયારે સ્ટેચ્યુ ઓફ યુનિટી સ્મારક ખાતે જઈને સરદાર પટેલના ચરણોમાં શ્રદ્ધા સુમન અર્પણ કરશે તે જ ક્ષણે ભારતીય વાયુસેનાના બે એમઆઈ-૧૭ હેલિકોપ્ટર પણ આકાશમાં એ જ સ્થાને ઉપસ્થિત થશે અને વડાપ્રધાનની સાથે સમગ્ર દેશના પ્રતિનિધિત્વ સ્વરૂપે સ્ટેચ્યુ ઓફ યુનિટી ઉપર સરદાર પટેલના ચરણોમાં પુષ્પવૃષ્ટિ કરશે.

સ્ટેટ્યુ ઓફ યુનિટીની અનોખું આકર્ષણ — અત્યાધુનિક ટેન્ટ સીટી

નર્મદા મૈયાના કુદરતી સાનિધ્યમાં ૭૦ હજાર ચો.મી. વિસ્તારમાં ૨૫૦ ટેન્ટનું વિશાળ નગર નિર્માણ કરાયુ બે લાખ ચો. મી.નો વિસ્તાર સંપૂર્ણતયા સ્વચ્છ રહે તે માટે ૧૦૦ કામદારોની ફોજ કામે લાગશે ઊભી થનારી રોજગારી પૈકી સ્થાનિક યુવાઓને મળશે ૮૫ થી ૯૦ ટકા રોજગારીઃ નીફ્ટ દ્વારા ડિઝાઈન કરાયેલા યુનિફોર્મમાં સજ્જ તાલીમી ગાઈડ ટેન્ટ સીટીમાં ફરજ બજાવશે

સ્ટેચ્યુ ઓફ યુનિટી વિસ્તારમાં નિર્માણાધિન ટેન્ટ સીટી દેશભરના સહેલાણીઓ માટે અનેરો લ્હાવો પૂરો પાડશે. વડાપ્રધાન નરેન્દ્ર મોદી દ્વારા આ સ્મારકનું ૩૧મી ઓક્ટોબરે લોકાર્પણ થશે. આ સ્થળને વૈશ્વિક સ્તરે પ્રવાસન સ્થળ તરીકે પ્રસ્થાપિત કરવા માટે અનેક નવતર આયામો ઊભા કરાયા છે. આ સ્થળની મુલાકાત લેનારા પ્રવાસીઓને કુદરતનું સાનિધ્ય મળી રહે અને પ્રવાસીઓને અહીં રોકાવાનું મન થાય તેવું વાતાવરણ સર્જાયું છે.

પૂર્ણ સલિલા નર્મદા નદીના કુદરતી સૌન્દર્યની વચ્ચે ટેન્ટ સીટીનું નિર્માણ કરાયું છે. તળાવ નં -૩ અને તળાવ નં -૪ના કિનારે પચાસ હજાર ચો.મી. અને વીસ હજાર ચો. મી. એમ બે સ્થાન ઉપર આ ટેન્ટ સીટી આકાર લેશે. આ ટેન્ટ સીટીમાં જરૂરી માળખાકીય સુવિધાઓ, રોડ, વીજળી, પીવાનું પાણી જેવી શ્રેષ્ઠ સગવડો ઉપરાંત સમથળ જમીન ઉપર વિવિધ ભૂમિદ્રશ્યો ઉભા કરવામાં આવ્યા છે. તળાવ નં. ૪ નજીકના પ્રથમ ટેન્ટ સીટીમાં પચાસ ટેન્ટ અને તળાવ નં. ૩ના કિનારે આવેલા બીજા ટેન્ટ સીટીમાં ૨૦૦ ટેન્ટ બાંધવામાં આવ્યા છે. પ્રવાસીઓને ટેન્ટ સીટી ખાતે વડોદરાથી જવા —આવવાની વ્યવસ્થા તથા સ્થાનિક ફરવાલાયક સ્થળોની મુલાકાત જેવી સુવિધાઓ પણ પૂરી પાડવામાં આવશે.

સ્ટેચ્યુ ઓફ યુનિટી આસપાસનો વિસ્તાર એકદમ સ્વચ્છ રહે તેની પણ કાળજી લેવામાં આવી છે. આ સંકુલનો લગભગ બે લાખ ચો. મી.નો વિસ્તાર સંપૂર્ણતયા સાફ-સ્વચ્છ રહે તે માટે બીવીજી ઈન્ડિયા પ્રા. લિ.ને ફરજ સોંપાઇ છે. આ કંપની સફાઇ કામગીરી માટે આશરે ૧૦૦ કામદારોની ફોજને કામે લગાડશે.

આ ટેન્ટ સીટીને કારણે ઉભી થનારી રોજગારીની તકો પૈકી ૮૫ થી ૯૦ ટકા રોજગારીની તકો સ્થાનિક યુવાઓ માટે નિર્માણ થશે જેનાથી સ્થાનિક લોકોને માત્ર રોજગારી મળશે એવું નથી આ વિસ્તારના આર્થિક વિકાસને નવો વેગ મળશે.

સ્ટેચ્યુ ઓફ યુનિટી સંકુલ ખાતે ખાસ તાલીમ પામેલા ગાઈડની સેવા પણ ઉપલબ્ધ હશે. માત્ર એક મહિનામાં જ સઘન તાલીમ દ્વારા ૮૦ વ્યાવસાયિક ગાઈડને તૈયાર કરવામાં આવ્યા છે. તૈ પૈકી ૬૦ ગાઈડ તો નેશનલ ઈસ્ટીટ્યુટ ઓફ ફેશન ટેકનોલોજી — નીફ્ટ દ્વારા ડિઝાઈન કરી તૈયાર કરાયેલા યુનિફોર્મમાં સજ્જ થઈને ટેન્ટ સીટીમાં ફરજ બજાવશે શ્રેષ્ઠ તાલીમ પામેલા આ ૬૦ ગાઈડમાં ૧૪ મહિલાઓ અને ૪૬ યુવાનો છે. એટલું નહી ૩૭ યુવાઓ નર્મદા જિલ્લાના અને ૧૪ યુવાઓ છોટાઉદેપુર જિલ્લાના છે.

હરિત ઊર્જા સાથે આખું ટેન્ટ સીટી ઝળહળે તે માટે ૨૫૦ કિલોવોટ સૂર્ય ઊર્જા ઉત્પન્ન કરતી તરતી સૌર પેનલો સ્થાપિત કરાશે ઓર્ગેનિક વેસ્ટ કન્વર્ટર દ્વારા એંઠવાડમાંથી બાયો- ફર્ટિલાઈઝર બનાવાશે

લસકાણાના લુમ્સ કારખાનેદાર સાથે રૂા. ૩.૯૭ લાખની છેતરપિંડી

સુરત

પોલીસ સૂત્રોના જણાવ્યા અનુસાર શહેરના નાના વરાછા ચીકુવાડી ખાતે આવેલા સ્નેહ મિલન ખાતે રહેતા દિનેશભાઈકુરજીભાઈ ખૂંટ મૂળ ભાવનગર જિલ્લાના ગારિયાધાર તાલુકામાં આવેલા માનવિલાસ ગામના વતની છે અને શહેરના લસકાણા ખાતે આવેલી મારૂતિ ઈન્ડસ્ટ્રીઝમાં લુમ્સનું ખાતુ ધરાવે છે. લુમ્સ કારખાનદાર હિતેશભાઈ ખૂંટ સાથે બે માસ પહેલાં ગોડાદરાના સ્માર્ટ એસ્ટ્રોમાં રહેતા સુબોધસિંહ દિપના રાવણસિંહ અને તેની પત્ની નીતુ સિંહ સંપર્કમાં આવ્યા હતા અને વિશ્વાસમાં લઈ રૂા. ૧,૭૬,૪૪૯નું ગ્રે ઉધારમાં ખરીધ્યું છું અને તેનું પેમેન્ટ પણ સમયસર ચૂકવી આપ્યું હતું. બાદમાં આ દંપતીએ ફરી રૂા. ૫,૩૧,૬૪૯નુંગ્રે કાપડનો મલ ઉધારમાં ખરીદ કર્યુ હતું બાકી આ પેમેન્ટમાંથી અમુક નાણાં ચૂકવી દીધા હતા અને બાકીના રૂા. ૩,૯૭,૫૧૪ની ઠગાઈ કરી નાસી છૂટયા હતા. ઠગાઈના બનાવ અંગે હિતેશભાઈ ખૂંટે સરથાણા પોલીસ મથકમાં ફરિયાદ નોંધાવતા પીએસઆઈ એચ.એમ. ગોહિલે વધુ તપાસ શરૂ કરી હતી.

રજવાડાઓનું વિનીકરણ એ સરદારનો દેશ પર સૌથી મોટો ઉપકાર : મંત્રી ઈશ્વરભાઈ પરમાર

સામાજિક ન્યાય અને અધિકારિતા મંત્રી ઈશ્વરભાઈ પરમાર ચોર્યાસી તાલુકાની એકતા યાત્રામાં જોડાયા

સુરત

નવસારી જિલ્લામાં શરૂ થયેલી એકતા રથયાત્રા ગણદેવી તાલુકામાં પહોંચતા ગામજનો દ્વારા આરતી સાથે ભવ્ય સ્વાગત કરવામાં આવ્યું હતું. પરંપરાગત ઘૈરેયાના તાલે લોકોએ ઝૂમીને સરદાર વલ્લભભાઈ પટેલને ભાવાંજલિ અર્પી હતી. ગણદેવી તાલુકામાં નવસારી ધારાસભ્ય પિયુષભાઈ દેસાઈ, ગણદેવી ધારાસભ્ય નરેશભાઈ પટેલ, માજી ધારાસભ્ય લક્ષ્મણભાઈ પટેલ સહિત વિશાળ સખ્યામાં ગામજનો એકતા રથયાત્રામાં જોડાયા હતા. લોકોને દ્રવ્ય અને શ્રાવ્ય માધ્યમ વડે દેશની એકતા અને અખંડિતતામાં સરદાર પટેલના યોગદાનની ગાથાને લોકો સમક્ષ રજૂ કરવામાં આવી હતી. એકતા રથયાત્રા દ્વારા સરદાર સાહેબના જીવન ચરિત્રમાંથી પ્રેરણા મેળવી રહયા છે. રાષ્ટ્રના અખંડ નિર્માણમાં બહુમૂલ્ય યોગદાન આપનાર સરદાર સાહેબને લોકો આદર, સન્માન સાથે અંજલી પાઠવી રહયા છે.

નવસારી ધારાસભ્ય પિયુષભાઈ દેસાઈએ જણાવ્યું હતું કે, સરદાર પટેલે દેશની એકતા અને અખંડિતતાને બરકરાર રાખવા પદ્દર જેટલા રાજા-રજવાડાઓને જોડયા હતા. દેશમાં એકતા અંગે જાગૃતતા કેળવવા એકતા રથયાત્રા યોજવામાં આવી રહી છે. લોકો સ્વયંભુ જોડાઈને સરદાર વલ્લભભાઈ પટેલને યાદ કરી રહયા છે. દેશના વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદી સરદાર પટેલના વિશાળ વ્યકિતત્વને વિશાળ ભાવાજંલિ અર્પવા, કેવડીયા ખાતે તા.૩૧ મી ઓકટોબરના રોજ સ્ટેચ્યુ ઓફ યુનિટીને રાષ્ટ્રને સમર્પિત કરીને ભાવાજંલિ અર્પણ કરશે.

ગણદેવી ધારાસભ્ય નરેશભાઈ પટેલે જણાવ્યું હતું કે, સરદાર વલ્લભભાઈ પટેલે નાત-જાતના વાડાઓના બંધનને ત્યજીને દેશને એકતાતણે જોડયો છે. એવા લોખંડી પુરુષ સરદાર વલ્લભભાઈ પટેલને ભુલી શકાય નહી. મુખ્યમંત્રી વિજયભાઈ રૂપાણી, નાયબ મુખ્યમંત્રી નીતિનભાઈ પટેલ સહિત મહાનુભાવો સરદાર વલ્લભભાઈ પટેલની ભાવાજંલિ અપર્વા એકતા રથયાત્રામાં જોડાયા હતા. રાજયના જનજન સુધી એકતાનો સંદેશ પહોંચી રહયો છે.

ગણદેવી તાલુકામાં સાલેજ, કછોલી, કોલવા, ધમડાછા, દેવધા, ભાઠા, કલમઠા, છાપર, સરીબુજરંગ, કોથા, માસા, અમલસાડ એકતાયાત્રાને આવકારવામાં આવી હતી. ગણદેવી નગર પાલિકાના પદાધિકારીઓ-અધિકારીઓ દ્વારા એકતા રથયાત્રાને પુષ્પ અર્પણ કરીને સરદાર પટેલને શ્રધ્ધાજંલિ અર્પવામાં આવી હતી. એકતા રથયાત્રા વડસાંગળ, ખેરગામ, ધનોરી, ગણદેવા, અંભેટા, એંધલ, પાટી, કેસલી, નાંદરખા ખાતે આવકારવામાં આવી હતી. આજે તા.૨૯/૧૦/૧૮ ના રોજ ધોલાઇ, પોંસરી, બીગરી, વણગામ, ખાપરવાડા, ગોંયદી ભાઠલા, વાઘરેચ, તલોધ, દેવસર, ધકવાડા અને આંતલીયા ગામે એકતા રથયાત્રાને આવકારવામાં આવશે અને પ્રથમ તબકકાની એકતાયાત્રાનું સમાપન થશે.

વાલીયાની મોખડી ગામની સીમમાં વીજ કરંટ લાગતા મોર, ઢેલ અને દીપડીનું મોત



વાલીયા તાલુકાના મોવડી ગામ નજીક ખેતરમાં મોરનો શિકાર કરવા આવેલ દીપડીએ વીજ કરંટ લાગતા મોત નિપજ્યુ હતુ. જ્યારે એક મોર તથા એક ઢેલ પણ વીજ કરંટ લાગતાં મોત નીપજ્યું હતું.બનાવ સંદર્ભે વન વિભાગે તપાસ હાથ ધરી છે.

પ્રાપ્ત માહિતી મુજબ વાલીયા તાલુકાના મોકલી ગામની સીમમાં હરેન્દ્ર વસાડીયાના ખેતરમાં એક દીપડી શિકારના શોધમાં હતી તે દરમિયાન દુપડીએ મોર ઉપર તરાપ મારતાં બંનેને હાઈવોલ્ટેજ ડીપીનો વીજ કરંટ લાગતાં મોર અને દીપડીનું મોત નીપજયું હતું.જયારે ઘટનામાં અન્ય એક ઢેલને પણ વીજ કરંટ લાગતાં તેનું પણ મોત નીપજ્યું હતું.બનાવની જાણ મોખડી ગામના ગ્રામજનો ના ટોળા ઉમટી પડ્યા હતા.બનાવની અંગેની જાણ ગ્રામ લોકો દ્વારા વન વિભાગને કરવામાં આવતા તેવોએ તાત્કાલિક ઘટના સ્થળ પર પહોંચીને આશરે પાંચ વર્ષની દીપડી અને મોર,અને ઢેલના મૃતદેહનો કબ્જો મેળવી પોસ્ટમોર્ટમ અર્થે ખસેડવામાં આવ્યા હતા.વન વિભાગ આગળની તપાસ હાથ ધરી છે.

કચ્છના નિરોણાના ચંદ્રનગર ગામની સીમમાંથી દારૂ બનાવવાની ભઠ્ઠી ઝડપાઈ

ભુજ કચ્છ : નિરોણા ગ્રામ્ય વિસ્તારમાં પેટ્રોલિંગમાં હતા તે દરમિયાન સચોટ બાતમી આધારે નખત્રાણા તાલુકાના ચંદ્રનગર ગામની ઉત્તર બાજુ આવેલ આશાપીરની દરગાહ તરફ જવાનો કાચા રસ્તાથી આગળ આવેલ ડુગરોની વચ્ચે સીમમાં બાવળોની ઝાડીમાં કારુભા ઉર્ફે બાણુભા હંસરાજ જાડેજા રહે ચંદ્રનગર તા.નખત્રાણા વાળાએ દારૂની ભઠ્ઠી ગાળે છે જે સચોટ હકીકત આધારે જગ્યાએ રેઇડ કરતા દારૂ બનાવવાનો આથો ભરેલ સિંટેક્ષની ૫૦૦ લિટર ની ટાંકી નંગ ૫, એક પ્લાસ્ટિકનું બેરલ લી. ૨૦૦ મળી આવેલ તેમાં કુલ ૨૭૦૦ લિટર દારૂ બનાવવાનો જથ્થો કી.રૂ.૫૪૦૦ અને ભઠ્ઠી ગાળવાનો સમાન કી.રૂ.૧૧૦૦ એમ કુલ રૂ.૬૫૦૦નો પ્રોહી મુદામાલ મળી આવેલ અને આરોપી હાજર ન મળેલ ગુન્હો કરેલ હોય તેના વિરુદ્ધમાં પ્રોહી એકટ મુજબ ગુન્હો નોંધેલ છે. આ કામગીરીમાં એ.એસ. આઈ. હિતેન્દ્ર કે. સોનરાત,પો.કોન્સ. હર્ષલભાઈ રાવલ,પો.કોન્સ.રમેશભાઈ રબારી,પો.કોન્સ.રાણાભાઈ કોલા નીરોણા પોલીસ સ્ટેશનો સ્ટાફ જોડાયો હતો.

હળવદ ધારાસભ્ય સાબરીયાના એક દિવસના રિમાન્ડ મંજુર

પોલીસ કાફલો મોરબી કોર્ટમાં : સહ આજરોપી વકીલ ગણેશીયા પણ એક દિવસના રિમાન્ડ ઉપર



તળાવ કૌભાંડિયાઓ પાસેથી લાંચ લેવા મામલે મોરબી પોલીસ દ્વારા હળવદ ધારાસભ્ય અને તેમના નજીકના ગણાતા વકીલની ધરપકડ બાદ આજે પોલીસ રિમાન્ડની માંગણી સાથે અદાલતમાં રજૂ કરતા લોકોના ટોળે ટોળા જામ્યા હતા.અને નામદાર અદાલતે બન્ને પક્ષની દલીલ સાંભળી ધારાસભ્ય અને તેમના સાથીદારને એક દિવસના રિમાન્ડ ઉપર સોંપવા હુકમ કરતા ચકચાર જાગી છે.

મોરબી જિલ્લામાં નાની સિંચાઈ યોજના હેઠળ કરોડો રૂપિયાનું તળાવ કૌભાંડ આચરવામાં આવતા આ કૌભાંડને વિધાનસભામાં નહિ ઉખેડવા બદલ લાખો રૂપિયા કૌભાંડકારો પાસેથી લેવા બદલ મોરબી પોલીસ દ્વારા હળવદના ધારાસભ્ય પરસોત્તમભાઈ સાબરીયા અને તેમના નિકટના સાથી એવા વકીલ ભરત ગણેશિયાની ધરપકડ બાદ આજે બન્નેના રિમાન્ડની માંગ સાથે મોરબી અદાલતમાં રજૂ કરાતા અદાલતમાં લોકોના ટોળેટોળા ઉમટ્યા હતા.

જો કે પોલીસ રિમાન્ડ માંગવા મામલે સરકારપક્ષ અને બચાવપક્ષે ધારદાર દલીલો થયા બાદ નામદાર અદાલત દ્વારા ધારાસભ્ય સાબરીયા અને વકીલ ભરત ગણેશીયાને એક એક દિવસના પોલીસ રિમાન્ડ મંજુર કર્યા હતા

રાજપીપળા એસ ટી ડેપોમાં પી એમ મોદી આવ્યાના મેસેજથી લોકોમાં ભારે કુતુહલ

જોકે લોકટોળા એકઠા થયા બાદ જાણ થઈ કે આ મહાશય મોદી ના હમશકલ હતા,યુવાનો સેલ્ફી પડાવવા દોડ્યા



રાજપીપળા : સ્ટેચ્યુ ઓફ યુનિટી ના લોકાર્પણ ને હવે એકજ દિવસ બાકી છે ત્યારે રાજપીપળા એસ ટી ડેપો માં સોમવારે સવારે બસ માંથી ઉતરેલા એક વડીલ આબેહૂબ મોદીજી ના હમશકલ દેખતા લોકો મોદી આવ્યા એમ આશ્ચર્યચકિત થઈ એમની સાથે ફોટા પાડવા દોડ્યા હતા ત્યાં જોત જોતા માં લોકટોળા એકઠા થઈ ગયા હતા જોકે આ વડીલ પી એમ મોદી ની માફક ચેહરો અને દાઢી રાખતા હોય લોકો મોદીજી સમજી બેઠા હતા ત્યારબાદ લોકોને જાણ થતા જાણે એમની વાતનો ફિયાસ્કો થયો હોય એમ નિરાશ થયા હતા પરંતુ મોદીજી ના આ હમશકલ વ્યક્તિ સાથે સેલ્ફી ખેંચી યુવાનો ખુશ થયા હતા ત્યારબાદ આ વડીલ ડેપો માંથી બસ માં બેસી જ્યાં જવું હતું ત્યાં ચાલ્યા ગયા હતા .

મોરબી સલામત સવારી એસટીમાં બ્રેક ના લાગતા નટરાજ ફાટક તૂટી પડી

મોરબીની નટરાજ ફાટક અનેક વખત ટેકનીકલ ખામીને કારણે બંધ થતી હોય છે તો અવારનવાર ફાટક તૂટવાના પણ બનાવો બને છે જેમાં આજે સવારે નટરાજ ફાટક તૂટી પડી હતી

મોરબી હરીપર રૂટની એસટી બસ આજે સવારે ફાટક નજીકથી પસાર થતી હોય ત્યારે ફાટક બંધ થતી હોય જોકે એસટી બસમાં બ્રેક ના લાગતા ફાટક સાથે અથડાતા ફાટક તૂટી પડી હતી તો એસટી બસની ઠોકરને પગલે ફાટક તૂટી પડતા રેલ્વે વિભાગે ધોરણસરની કાર્યવાહી આદરી છે અને સતત ટ્રાફિક રહેતો હોવાથી નટરાજ ફાટક તાકીદે રીપેર કરવા રેલ્વે તંત્ર ધંધે લાગ્યું હતું

ભચાઉ માં કેમિકલ ઓઈલ ચોરી જોરમાં હોવાની ગંધ થી શુ સ્થાનિક પોલીસ અજાણ?

સૂત્રો દ્વારા મળતી માહિતી અનુસાર ભચાઉ હાઈવે પર આવેલ કથિત આશિષ હોટલ પાછળ રાત્રીના સમયે આથી સવાર સુધી કેમિકલ ઓઈલ ચોરી ચાલુ થઈ હોવાની ચર્ચાએ ટેન્કર માલિકો માં ભય ની લાગણી વર્તાય છે કે ડ્રાઈવર ના મેલાપીપના માં કથિત સુરેશ મારવાડી નામનો ઈસમ આ ગોરખ ધંધામાં સક્રિય થયો હોવાનું ચર્ચાય છે ત્યારે સ્થાનિક આ બાબતે શુ અજાણ છે કે લીલી ગાંધીછાપ ની શરમ છે એ બાબતે જિલ્લા પોલીસ અધિક્ષક કડક પગલાં લે તે જરૂરી થઈ પડ્યું છે ત્યારે શું પગલાં લેવાશે કે નીલ પંચનામું કરી વિષય ઊંચો મુકાશે તેતો સમયજ બતાવશે.

અમદાવાદ શહેર પો.કમિશ્નર ની હદ માં કેમિકલ ચોરી જોરમાં!?

સૂત્રો દ્વારા મળતી માહિતી મુજબ નારોલ સરખેજ રોડ પર આવેલ કચરા ની ડમ્પ સાઈટ ની પાછળ આવેલ વજન કાંટા ની બાજુ માં આવેલ શેડો માં અસફાક નામના ઈસમ દ્વારા રાત્રી ના સમયે ઓઈલ કેમિકલ કોસ્ટિક ,ડામર,ફરનેશ ઓઈલ અને કેમિકલ ચોરી ચાલે છે ત્યારે દાણીલીમડા પોલીસ અજાણ છે? જ્યારે નારોલ સરખેજ રોડ પર વિશાલા હોટલ ની આગળ જુના ટોલટેક્સ ની બાજુમાં આવેલ શેડ માં પણ મહેબૂબ નામનો ઈસમ કેમિકલ ઓઈલ ચોરીમાં સક્રિય છે ત્યારે વેજલપુર પોલીસ ની બાજુ નજરે આ ગોરખ ધંધા નહીં દેખાતા હોય કે પછી...?

ગુજરાત રાજ્યના સૌપ્રથમ મેગા ફુડ પાર્કનું લોકાર્પણ કરતા મુખ્યમંત્રી વિજય રૂપાણી

મેગા ફુડ પાર્કના કારણે ખેડૂતો માટે ખેતરથી લઈને બજાર સુધીની ઉત્તમ વેલ્યુ ચેઈનનું નિર્માણ થશે

સુરત

વડાપ્રધાનશ્રી નરેન્દ્રભાઈ મોદીની મહત્વાકાંક્ષી પહેલ 'પ્રધાનમંત્રી કિસાન સંપદા યોજના' હેઠળ કેન્દ્ર સરકારના ફૂડ પ્રોસેસિંગ ઈન્ડસ્ટ્રીઝ મંત્રાલયના ઉપક્રમે સુરત જિલ્લાના માંગરોળ તાલુકાના શાહ ગામ ખાતે ૭૦ એકરના વિશાળ વિસ્તારમાં માત્ર ફૂડ અને એગ્રો ઈન્ડસ્ટ્રીઝ માટે નવનિર્મિત 'ગુજરાત એગ્રો ઈન્ફ્રાસ્ટ્રક્ચર મેગા ફૂડ પાર્ક'નું લોકાર્પણ આજરોજ મુખ્યમંત્રી વિજયભાઈ રૂપાણી અને કેન્દ્રીય ફૂડ પ્રોસેસિંગ ઈન્ડસ્ટ્રીઝ મંત્રી શ્રીમતી હરસિમરત કૌર બાદલના હસ્તે યોજાયું હતું.

લોકાર્પણ સમારોહમાં કેન્દ્રીય ફૂડ પ્રોસેસિંગ ઈન્ડસ્ટ્રીઝ રાજ્યમંત્રી સાધ્વી નિરંજન જ્યોતિ, કૃષિ મંત્રીશ્રી આર.સી.ફળદુ, વન મંત્રીશ્રી ગણપતસિંહ વસાવા, સામાજિક અને અધિકારિતા મંત્રીશ્રી ઈશ્વરભાઈ પરમાર, પંચાયત અને પર્યાવરણ રાજ્યમંત્રી શ્રી જયદ્રથસિંહ પરમાર, મુખ્ય સચિવશ્રી જે. એન. સિંઘ, કેન્દ્રના અધિક સચિવશ્રી રાકેશ સરવાલ સહિત સાંસદશ્રીઓ અને ધારાસભ્યશ્રીઓ ઉપસ્થિત રહ્યા હતા.

ગુજરાત સરકારની કોર ઈન્ફ્રાસ્ટ્રક્ચર અને સર્વગ્રાહી કૃષિવ્યવસાય નીતિ (૨૦૧૬-૨૧) તેમજ મુખ્યમંત્રીશ્રીના ફૂડ પ્રોસેસિંગ મિશન હેઠળ અંદાજીત રૂ.૨૦૦ કરોડની સહાયપ્રાપ્ત આ પ્રોજેકટના કારણે ખેડૂતો માટે ખેતરથી લઈને બજાર સુધીની ઉત્તમ વેલ્યુ ચેઈનનું નિર્માણ થશે. વડાપ્રધાનશ્રીના વર્ષ ૨૦૨૨ સુધીમાં ખેડુતોની આવકને બમણી કરવાના લક્ષ્યાંકમાં આ પ્રોજેક્ટ મદદરૂપ બનશે.

સુરત શહેરની નજીક હોવાથી મેગા ફૂડ પાર્ક ખેત પેદાશોના નિકાસ માટે હજીરા પોર્ટ અને સુરત, મુંબઈ અને અમદાવાદના હવાઈ મથકો સાથે શ્રેષ્ઠ કનેક્ટિવિટી મળશે. પાર્ક સ્થિત ઈન્ડસ્ટ્રીઝ માટે દેશના મહત્વના ઉપભોક્તા બજારો એવા સુરત, અમદાવાદ વડોદરા તેમજ મુંબઈની મેગા માર્કેટ સાથે વ્યાપારને વેગ મળશે.

૩૦ લાખ સ્કવેર ફીટમાં પથરાયેલા મેગા ફૂડ પાર્કની સ્થાપનાનો મુખ્ય ઉદ્દેશ ખેતી, ફૂડ અને એગ્રો પ્રોસેસિંગ ક્ષેત્રા માટે અત્યાધુનિક માળખાકીય સુવિધા તેમજ ખેડૂતના ખેતરથી લઈને બજાર સુધી આધુનિક પ્રોસેસિંગ સેવા સુવિધા પુરી પાડવાનો અને ટૂંકા સમયમાં બગડી જતી વસ્તુઓનું પ્રોસેસીંગ વધારવાનો છે. પ્રત્યક્ષ અને પરોક્ષ રોજગારીનું સર્જન, ખેત પેદાશોના બગાડમાં ઘટાડો, સક્ષમ પુરવઠાની સાંકળનું નિર્માણ જેવા અનેક ફાયદો પણ થશે.

ડીંડોલીમાં ખુલ્લા મેદાનમાં વીજળી પોલ સાથે લટકી યુવકનો આપઘાત

ઉત્તર ભારતીય યુવકે રાત્રિ સમયે ફાંસીએ લટકી ગયો

સુરત

ડીંડોલી સ્વીમિંગ પુલ સામે જાહેરમાં રાત્રિ દરમ્યાન જાહેરમાં જીઈબીના પોલ ઉપર યુવાને ફાંસો ખાઈ લેતા ચકચાર મચી હતી. બનાવની જાણ થતા પોલીસે લાશનો કબજો લઈ ઓળખ કરી પીએમ કરવાની કાર્યવાહી હાથ ધરી છે.

સૂત્રો દ્વારા મળેતી માહિતી મુજબ ડીંડોલી સ્વીમિંગ પુલ સામે ખેતરમાં જીઈબીના પોલ સાથે એક યુવક ફાંસો ખાધેલી હાલતમાં દેખાતા સ્થાનિકોએ તાત્કાલિત પોલીસને જાણ કરી હતી. ડીંડોલી પીએસઆઈ કે.એન. ચાવડા દ્વારા ઘટના સ્થળે જઈ તપાસ કરતા જીઈબીના લાઈટ પોલ સાથે લટકેલી હાલતમાં યુવકની લાશ મળી આવી હતી. મૃતકના ખિસ્સામાંથી કાગળ મળ્યો હતો. જેના ઉપર સંધ્યા નામ લખેલુ હતું. મૃતકનું નામ રાજેશ રામલખણ વિશ્વકર્મા ઉ.વ.૩૫ રહે. પટેલનગર ગોડાદરા, મૂળ રહે. યુપી જોનપુર હોવાનું જાણવા મળતા પોલીસે પરિવારના સભ્યોનો સંપર્ક કરતા લાશની ઓળખ થઈ હતી. પોલીસે લાશનો કબજો લી પીએમ કરવા માટે સ્મીમેર હોસ્પિટલ લઈ ગયા છે. રાજેશ વિશ્વકર્મા દ્વારા શા માટે આપઘાત કરવામાં આવ્યો તે હજી જાણી શકાયું નથી.

સરસાણા ગામમાં ચોરી કરવા આવેલા ત્રણ પૈકી એક ઝડપાયો

સુરત

સરસાણા ગામ મંદિર ફળિયામાં ઘરમાં ચોરી કરવા ઘૂસેલા ત્રણ ચોર પેકી એકને ઝડપી પાડી પોલીસને હવાલે કરાયો હતો.

ખટોદરા પોલીસ સૂત્રોના જણાવ્યા મુજબ સરસાણા ગામ મંદિર ફળિયુમાં રહેતા જશુબેન અમનભાઈ પટેલના ઘરમાં ઘૂસેલા ત્રણ ચોર પૈકી દિનુ ઉર્ફે દીતુ ઉર્ફે દિનેશ સુરસીંગ ડામોર (દાહોદ)ને ઝડપી પાડવામાં આવ્યોહતો. જ્યારે સુખો રામસીંગ ડામોર, દિલીપ સુમન ડામોર ભાગી છૂટયા હતા. આરોપીઓએ ઘરમાંથી સોનાના દાગીના રોકડા રૂપિયા મળી કુલ્લે રૂપિયા ૨૫૦૦૦ની મતા ચોરી કરીગયા હતા. ખટોદરા પોલીસે ફરિયાદનોંધી ભાગી છૂટનાર બે ચોરની શોધખોળ હાથ ધરી છે.

મહેન્દ્ર ચાવલા ફાયરિંગ કેસ : નારાયણ સાંઈ જામીન આપતી ચંદીગઢ કોર્ટ

સુરત

શહેરની પીડિતા સાથે બળાત્કાર ગુજારવાના પ્રકરણમાં લાજપોર જેલમાં કાચા કમના કેદી તરીકે સજા કાપી રહેલા નારાયણભાઈ ઉર્ફે મોટા ભગવાન સામે હરિયાણા રાજ્યના પાનીપત પોલીસ મથકમાં જાનથી મારી નાખવાના પ્રયાસના ગુનામાં ચંદીગઢ હાઈકોર્ટે નારાયણ સાંઈને જામીન પર છોડવાનો હુકમ કર્યો હતો. જોકે, આઈપીસી-૩૦૭માં પાનીપત સેશન્સ કોર્ટ તેના જામીન રદ કરતો હુકમ કર્યાબાદ આરોપી ચંદીગઢ હાઈકોર્ટમાં ચેલેન્જ કરી હતી.

સૂત્રોના જણાવ્યા અનુસાર ૬ ઓક્ટોબર-૨૦૧૩ના રોજ જહાંગીરપુરા પોલીસ મથકમાં શહેરનીપીડિતાએ નારાયણ સાંઈ ઉર્ફે મોટા ભગવાન સામે બળાત્કારની ફરિયાદ નોંધાવી હતી. ૬ ડિસેમ્બર ૨૦૧૩થી નારાયણ સાંઈ લાજપોર જેલમાં છે. ત્યારબાદ થોડા મહિલાઓ બાદ પાનીપત વિસતારમાં મહેન્દ્ર ચાવલા પર કોઈ અજાણ્યા ઈસમોએ ફાયરિંગ કરી જાનથી મારી નાખવાનો પ્રયાસ કર્યો હતો. પાનીપત પોલીસે આઈપીસી ૩૦૭ તથા આર્મ્સ એકટનો ગુનો દાખલ કરી નારાયણ સાંઈની પોલીસે ધરપકડ કરી પાનીપત કોર્ટમાં રજૂ કરી રિમાન્ડ પણ મેળવ્યા હતા. ત્યારબાદ તેમણે પાનીપત સેશન્સ કોર્ટમાં રજૂ કરેલી જામીન અરજી અદાલતે ફગાવી દીધા બાદ તેમણે ચંદીગઢ હાઈકોર્ટમાં એક જામીન અરજી કરી હતી. જેની સુનાવણી બાદ હાઈકોર્ટના વિદ્વાન જસ્ટિસ તેમણેપાનીપતના ગુનામાં જામીન મુકત કરવાનો હુકમ કર્યો હતો.

જોકે પાનીપત પોલીસે ચંદીગઢ હાઈકોર્ટમાં પહેલા તેમની સામે ૯ પોલીસ કેસ છે. એવું એફીડવિટમાં બતાવ્યું હતું. પરંતુ અદાલતને ડીટેઈ માગતા નવી એફીડેવિટમાં મોટા ભગવાન સામે માત્ર ત્રણ કેસો હોવાનું જણાવાયું હતું.

ઔદ્યોગિક એકમોનું પ્રદૂષણ ડામવા માટે તાકીદ કરતા પર્યાવરણમંત્રી જયદ્રથસિંહ

સુરત

ઔદ્યોગિક એકમો, ડાઈંગ મિલોનું વધી રહેલા પ્રદુષણને ડામવા માટે આકરા પગલા લેવાની તાકીદ પર્યાવરણમંત્રીશ્રી જયદ્રથસિંહ પરમારે કરી હતી.

પર્યાવરણમંત્રીશ્રીના અધ્યક્ષસ્થાને સુરત સરકીટ હાઉસ ખાતે સુરત, નવસારી અને વલસાડ જિલ્લાઓની પ્રદુષણ નિયંત્રણ બોર્ડના અધિકારીઓની કામગીરી સમીક્ષા બેઠક યોજાઈ હતી.

બેઠકમાં મંત્રીશ્રીએ જણાવ્યું કે, પર્યાવરણની સુરક્ષા અને જાળવણી એ આપણી સહિયારી જવાબદારી છે, ત્યારે પર્યાવરણના પ્રદુષણ બાબતે આવતી ફરિયાદી અરજીઓનો સમયમર્યાદામાં નિકાલ થાય તે જરૂરી છે. વાપી ખાતે છેલ્લા મહિનાઓ દરમિયાન પ્રદુષણની માત્રામાં થયેલા વધારા બાબતે મંત્રીશ્રીએ પ્રદુષણ ફેલાવતા એકમો ઉપર કડક પગલા લેવા જણાવ્યું હતું. સુરતના પલસાણા તથા પાંડેસરા વિસ્તારના એકમો, ડાઈંગ મિલો દ્વારા ટ્રીટમેન્ટ કર્યા વિના બારોબાર ટેન્કરો અથવા તો નદીઓમાં પ્રદુષિત પાણી છોડવા બાબતે સતત અને સ્ટ્રીક મોનિટરીગ કરીને તાકીદે પગલા લેવા અધિકારીઓને સૂચનાઓ આપી હતી. પ્રદુષિત વેસ્ટ કચરો ટેન્કરો દ્વારા બારોબાર ઠાલવતા હોય.

ભરૂચ લોકલ ક્રાઈમ બ્રાન્ચે પાર્સલ પેકિંગમાં દારૂના જથ્થાની હેરા ફેરી કરતાં ત્રણ ઈસમોને લાખોના મુદ્દામાલ ઝડપી પાડ્યો



ભરૂચ લોકલ ક્રાઈમ બ્રાન્ચની ટીમે બાતમીના આધારે ભરૂચમાંથી એક છોટા હાથી ટેમ્પો તથા બે એક્ટિવામાં દારૂની હેરા ફેરી કરતા ત્રણ ઈસમોને ઝડપી પડ્યા છે.જયારે બીજા ત્રણ લોકોને વોન્ટેડ જાહેર કર્યા છે.

ભરૂચ લોકલ ક્રાઈમ બ્રાન્ચ દ્વારા એસપી રાજેન્દ્રસિંહ ચુડાસમાના સૂચના અને માર્ગદર્શન હેઠળ જિલ્લામાંથી દારૂ બંધીનાં કડક અમલ સારૂ ઝુંબેશના ભાગરૂપે એલસીબી ની ટીમ પેટ્રોલિંગમાં હતી તે દરમ્યાન બાતમી મળેલ હતી.જેના આધારે પીએસઆઈ કે.જે.ધડુક તથા સ્ટાફના માણસોએ શ્રવણ ચોકડી પર વોચ ગોઠવી હતી.ત્યારે બાતમી વાળો છોટા હાથી ટેમ્પો નંબર-જીજે- ૦૬-ઝેડઝેડ-૯૯૧૧ તથા બે એક્ટિવા વિદેશી દારૂના જથ્થા સાથે ઝડપી પાડી હતી.પોલીસે દારૂના આરોપીઓ મુકેશ ઉર્ફે લંગડો ભદ્દુંભાઈ કેવટ,ભવરસિંહ હેમંતસિંહ ચૌહાણ તથા ધર્મેન્દ્ર કમલેશ કેવટ પાસેથી ઈંગ્લીશ દારૂ કિંમત રૂપિયા ૫૧,૮૪૦ છોટા હાથી ટેમ્પાની કિંમત ૧ લાખ તથા બે એક્ટિવા કિંમત રૂપિયા ૪૦ હજાર મોબાઈલ રૂપિયા ૫૦૦ અને રોકડા રૂપિયા ૫૧૭૦ મળી કુલ ૧,૯૭,૫૧૦ નો મુદ્દામાલ કબ્જે કરીને વોન્ટેડ ઈદ્રિસ ઉર્ફે ભૈયો મુખા શેખ,જીતુ ખત્રી,અને દિપક મરાઠીને પકડવાના ચક્રોગતિમાન કર્યા છે.

ભરૂચ લોકલ ક્રાઈમ બ્રાન્ચે દારૂની હેરા ફેરી કરતી રિક્ષાને ઝડપી પાડી



ભરૂચના રોટરી કલબ પાસેથી એલસીબી ભરુચે બાતમીના આધારે દારૂની હેરા ફેરી કરી રિક્ષાને ઝડપી પાડી કાયદેસરની કાર્યવાહી કરી છે.

બનાવની મળતી માહિતી મુજબ એસપી રાજેન્દ્રસિંહ ચુડાસમાની સૂચના અને માર્ગદર્શન હેઠળ દારૂ અંગેની કડક પગલાં ભરવાની ઝુંબેશમાં મળેલ બાતમીના આધારે કિશન અશોક ચુડાસમા તેની પાસેની રિક્ષામાં વિદેશી દારૂ લઈને આવતો હોવાથી રોટરી કલબ પાસે વોચમાં હતા. તે દરમિયાન રિક્ષા અવતાં પોલીસને જોઈને આરોપી કિશન રિક્ષા મૂકીને ભાગી ગયો હતો.પોલિસે તેની રિક્ષામાંથી વિદેશી દારૂ કિંમત ૩૦,૨૪૦ તથા રિક્ષાની કિંમત રૂપિયા ૫૦ હજાર મળીને કુલ ૮૦,૨૪૦ નો મુદ્દામાલ કબ્જે કરીને ફરાર આરોપીને ઝડપી પડવાની કવાયત હાથ ધરી છે.

રાપરના સાય ગામમાં ૧૪ લાખના દારૂ સાથે બે આરોપીઓ પકડાયા







ભુજ કચ્છ: રાપર તાલુકાના સાંય ગામમાં ૧૪ લાખના દારૂ સાથે બે આરોપીઓ પકડ્યા હતા.આડેસર પોલીસ સ્ટેશનના પી.એસ.આઈ જે.બી.ચૌધરી સચોટ બાતમીના અનુસાર અલ્પસિંહ ઊર્ફે ગોપાલસિંહ જાડેજાના કબજા વરંડામાં દારૂના જથ્થા પર પોલીસ દરોડો પડ્યો હતો. દરોડામાં બે આરોપીઓ પકડાયા છે, અલ્પસિંહ ઉર્ફે ગોપાલસિંહ જાડેજા (રહે.સાય તા. રાપર ઉ.વ.૨૫), શિવાભાઈ જીવણભાઈ કોલી (રહે.સાય તા.રાપર ઉ.વ.૪૨) જ્યારે નરેન્દ્રસિંહ જાડેજા (રહે. રાપર) ફરાર થઈ ગયો છે તેને પકડવા માટે પોલીસ ચક્રો ગતિમાન કર્યા છે. દરોડામાં પકડાયેલા અલ્પસિંહ અને શિવો કોલી આરોપીઓ પાસેથી પોલીસે વ્હિસ્કીની ૧૮૦ એમ.એલ.ની નંગ ૧૨૮૬૪ ક્વાર્ટર બોટલ જેની કી.૧૨૮૬૪૦૦ , રોયલ પેગની ૭૫૦ એમ.એલ.ની નંગ ૫૭૬ બોટલ જેની કી.૧,૭૨,૮૦૦, બિયરના ટીન નંગ ૪૮ જેની કી.૪૮૦૦,સે મસંગ મોબાઈલ જેની કી.૫૦૦,એક મોટર સાયકલ ન. જીજે/૦૩/ડી.કયુ/૦૮૩૧ જેની કી.૩૦,૦૦૦ એમ કુલ મળીને ૧૪,૯૪,૫૦૦નો મુદ્દામાલ પકડી પાડયો છે.

આ કામગીરી પોલીસ સ્ટેશનના પી.એસ.આઈ. જે.બી. ચૌધરી,બલભદ્રસિંહ ઝાલા, સામતભાઈ ડાભી, કોન્સ્ટેબલ મહેશભાઈ ગોરધનભાઈ પટેલ, કાંતિસિંહ ઓખાજી રાજપૂત, શૈલેષ વશરામભાઈ ચૌધરી, અશોકભાઈ એમ. સોલંકી, વિષ્ણુદાન એસ. ગઢવી, રાજેશભાઈ જે. રાઠોડ, ભાણજીભાઈ જે. પ્રજાપતિ વગેરે જોડાયા હતાં.

શંકાસ્પદ હીરો હોન્ડા સીડી ડીલકસ મોસા તેમજ મોબાઈલ સાથે બે ઈસમને પકડી પાડતી રાજકોટ ગ્રામ્ય પેરોલ ફરલો સ્કોડ



રાજકોટ ગ્રામ્ય પોલીસ અધિક્ષક શ્રી બલરામ મીણા સાહેબની સુચનાથી એલ.સી.બી ઈ/ચા પી.આઈ શ્રી જે.એમ ચાવડાસાહેબ તેમજ પેરોલ ફરલો સ્કોડ પો.સબ.ઈન્સ શ્રી યુ.એચ.વસવાસાહેબનાં માર્ગ દર્શન હેઠળ એ.એસ.આઈ મહંમદ રફીકભાઈ ચૌહાણ, એચ.સી વિરરાજભાઈ ધાધલ, પો.કોન્સ મયુરસિંહ જાડેજા મહેન્દરસીહ સોલંકી એમ બધા વિરપુર પો.સ્ટે વિસ્તાર માં શાખાને લગતી કામગીરીમાં હતાં દરમ્યાન પીઠાડીયા ટોલ ટેકસ પાસે આવતાં બે ઈસમ મો.સા ચાલીને લઈ આવતાં હોય તેઓને રોકી પૂછ પરછ કરતાજેનું નામ કુલદીપ ધીરુભાઈ અગાવત ઉ.વ ૧૯ રે.સુરત કતાર ગામ તેમજ મેહુલ પ્રવિણભાઈ સોલંકી જાતે દે.પુ ૨૭ રે. જૂનાગઢ વાળો હોવાનું જણાવેલ ઉપરોકત બંન્ને પાસેથી મળી આવેલ મુદામાલ

(૧)હીરો હોન્ડા સીડી ડિલસકસ કાળા કલરનું મો.સા નબર પ્લેટ વગર નું કિ.૧૦,૦૦૦

(૨)એક કાળા કલરનો સેમ સંગ કંપનીનો મોબાઈલ કિ/- ૫૦૦

(૩) એક એમ.આઈ કંપની નો સફેદ ક્રીમ કલરનો મોબાઈલ જેની કી/- ૫૦૦૦

(૪)ભારતીય ચલણની અલગ અલગ નોટો રુ/- ૧૯૬૧૦

ઉપરોકત તમામ મુદ્દામાલ ચોરી કે છળકપટથી મેળવેલાનું વ્યાજબી શક જણાતા હોય જે તમામ મુદ્દામાલ CRPC કલમ ૧૦૨ મુજબ કબજે કરી બંન્ને ઈસમને CRPC ૪૧(૧) ડી મુજબ અટક કરી આગળની કાર્યવાહી સારુ વિરપુર પો.સ્ટે સોંપેલ છે.

વાંકનેરના લાલપર ગામ નજીક અકસ્માત નો બનાવ

ગાય વેચાણના પૈસા લેવા જતા વૃદ્ધને આઈસરે હડફેટે લેતા મોત

વાંકાનેરના લાલપર નજીક આઈસર ચાલકે વૃદ્ધને હડફેટે લેતા તેનું મૃત્યુ નીપજયું હતું.બનાવ અંગે તેના પુત્રએ વાંકાનેર સીટી પોલીસ મથકમાં ફરિયાદ નોંધાવી છે તો વાંકાનેર સીટી પોલીસે ફરિયાદ નોંધી વધુ તપસ હાથ ધરી છે

રંગપર ગામે રહેતા કનુભા જામભા ઝાલા (ઉ.૭૩) પોતાનું મોટર સાઈકલ બજાજ પ્લેટીના જીજે ૦૩ બીએલ ૪૨૩૮ લઈને વાંકાનેર ગાય વેચી હોય જેના પૈસા લેવા વાંકાનેર જતા હોય દરમિયાન લાલપર ગામ નજીક પહોચતા આઈસર જીજે ૧૬ ૪૮૭૭ના ચાલકે હડફેટે લેતા કનુભાને ગંભીરઈજાઓ પહોચતા તેનું મૃત્યુ નીપજયું હતું.બનાવ અંગે કનુભાના પુત્ર રઘુવીરસિંહ કનુભા ઝાલાએ વાંકાનેર સીટી પોલીસ મથકમાં ફરિયાદ નોંધાવી છે તો વાંકાનેર સીટી પોલીસે ફરિયાદ નોંધી વધુ તપાસ હાથ ધરી છે.

સાળંગપુર હનુમાનજી નો ૧૭૦ મો પાટોત્સવ ધામધુમથી ઉજવાયો



જે ભુમિમાં જમના તેડા નહી તેવુ વચન ભગનાન સ્વામિનારાયણે આપેલ છે તે પવિત્ર સાળંગપુર હનુમાનજી મંદીરમાં હનુમાનજી મહારાજનો ૧૭૦ મો પાટોત્સવ ધામધુમ પુર્વક ઉજવવામાં આવેલ જેમાં હજારો હરિભકતો આ પાટોત્સવમાં આવ્યા હતા વડતાલ પીઠાધીપતિ રાકેશપ્રસાદજીના આશિર્વાદથી શ્રી કૃષ્ણજીવનદાસજી સ્વામી (મેતપુરવાળા) ગુરૂવર્ય (અથાણાવાળા) સ્વામીની પુણ્યસ્મૃતિમાં સાળંગપુર કોઠારી સ્વામી વિષ્ણુ પ્રસાદ દાસજી (અથાણાવાળા)ના માર્ગદર્શન હેઠળ આ પાટોત્સવ યોજવામાં આવેલ સદગુરૂ ગોપાળાનંદ સ્વામીએ પ્રૌઢ પ્રતાપથી મહાસમર્થ કષ્ટભંજન દેવની સ્થાપના કરી છે અને આજે દાદાની કૃપાથી લાખો દુઃખીયા જીવ સુખીયા થઈ આનંદીત જીવન જીવી રહ્યા છે આ પાટોત્સવ પ્રસંગે ત્રણ દિવસ હનુમંત ચરિત્ર કથા યોજાઈ હતી જેમા વક્તા હરિપ્રકાસદાસજી અથાણાવાળાએ ત્રણ દિવસ સુધી કથાનુ વાંચન કર્યુ હતુ આ પાટોત્સવ પ્રસંગે હરિકૃષ્ણ ભવન નુ ઉદઘાટન કરવામાં આવ્યુ ગોપાળાનંદસ્વામીની લાકડીની પુજા કરવામાં આવી હતી આ પાટોત્સવમાં ધામે ધામથી સંતો અને હરિભક્તો મોટી સંખ્યામાં પધાર્યા હતા

મોરબીના કુબેરનગરમાં મશકરી કરવા બાબતે બેટ ફટકારી ઈજા

મારામારી બાદ સામસામી ફરિયાદ નોંધાઈ

મોરબીના કુબેરનગર વિસ્તારમાં મશકરી કરવા બાબતે બઘડાટી બોલી જતા બેટ વડે માર માર્યાની ફરિયાદ નોંધાઈ છે તો સામાપક્ષે પણ આરોપીઓએ માર માર્યાની વળતી ફરિયાદ કરી છે

મોરબીના કુબેરનગર વિસ્તારના રહેવાસી જયદેવસિંહ મહાવીરસિંહ રાણા (ઉ.વ.૩૫) વાળાએ પોલીસમાં ફરીયાદ નોંધાવી છે કે ફરિયાદીના ભાઈ કોઈ સાથે મશકરી કરતા હોય જેની માથાકૂટમાં આરોપી દિગપાલસિંહ બટુકસિંહ જાડેજા અને દિગ્વિજયસિંહ બટુકસિંહ જાડેજા રહે બંને કુબેરનગરવાળાએ ફરિયાદી અને સાહેદને ક્રિકેટના બેટથી માર મારતા ઈજા થઈ છે અને અજાણ્યા ચાર માણસોએ આરોપીને મદદગારી કર્યાનું જણાવ્યું છે

જયારે સામાપક્ષે દિગ્વિજયસિંહ બટુકસિંહ જાડેજાએ ફરિયાદ નોંધાવી છે કે આરોપી યુવરાજસિંહ મહાવીરસિંહ રાણા અને જયદેવસિંહ મહાવીરસિંહ રાણા એ બંને ભાઈઓએ ફરિયાદીના ઘર પાસે રહેતા જયદીપસિંહ જાડેજા સાથે ગાળો બોલી મારામારી કરતા હોય જેને છુટા પાડતા ઉશ્કેરાઈ ગયેલા આરોપી યુવરાજસિંહ રાણાએ માર મારી અને ફરિયાદીનો ભાઈ છોડાવવા જતા તેને પણ માર મારી ઈજા પહોંચાડી છે

વાંકાનેરના રાતાવીરડા ગામ નજીક બે બાઈક સામસામે અથડાયા, એકનું મોત

વાંકાનેરના રાતાવીરડા રોડ નજીક બે બાઈક સામસામે અથડાતા બાઈકચાલકનું મૃત્યુ નીપજ્યું હતું.બનાવ અંગે વાંકાનેર પોલીસે નોંધ કરી વધુ તપાસ હાથ ધરી છે.

વાંકાનેરના રાતાવીરડા ગામ નજીક આવેલ સ્પીનોરા સિરામિક એકમ નજીક બજાજ પલ્સર લાલ કલરનું જી જે ૩૬ ઈ ૪૭૩૦ ના ચાલકે પોતાના મોટરસાયકલ પુરપાટ ઝડપે ચલાવીને સામેથી આવતા મોટર સાઈકલ જીજે ૦૩ જેકે ૭૬૭૨ ના ચાલક ભાવિન કુમાર સાથે ભટકાડતા ભાવિનકુમારનું મૃત્યુ નીપજયું હતું.બનાવ અગે વિનોદ આત્મારામ અગ્રાવતએ વાંકાનેર પોલીસમાં ફરિયાદ નોધાવી છે તો વાંકાનેર પોલીસે ફરિયાદ નોંધી વધુ તપાસ હાથ ધરી છે.

મોરબીમાં મંજુરી વિના ૨૭ ફટાકડાના સ્ટોલ જાહેર માર્ગો પર ખડકી દેવાયા

ચીફ ઓફિસરે પોલીસ મથકને કાર્યવાહી કરવા લખ્યો પત્ર

મોરબી શહેરમાં દિવાળીના તહેવારો નિમિતે ફટાકડાના વેચાણ માટે મંજુરી વિના આડેધડ જાહેર માર્ગો પર સ્ટોલ ખડકી દેવામાં આવતા હોય છે ત્યારે પાલિકાના ચીફ ઓફિસરની ટીમે સર્વે કરીને આવા ૨૭ સ્ટોલની યાદી પોલીસ મથકોને સોપીને કાર્યવાહી કરવા જણાવ્યું છે

મોરબી પાલિકાના ચીફ ઓફિસર ગીરીશભાઈ સરૈયાએ સીટી એ ડીવીઝન પોલીસ અને બી ડીવીઝન પોલીસને મંજુરી વિના ફટાકડા સ્ટોલની યાદી સોપી છે જેમાં સામાકાંઠા વિસ્તારમાં જીતુભાઈ ફટાકડા, ભાવેશ દિનેશભાઈ ફટાકડા, કુલદીપસિંહ જાડેજા ફટાકડા, ચામુંડા ફટાકડા અને રાજેશ ફટાકડા સ્ટોલની યાદી આપવામાં આવી છે

તે ઉપરાંત રવાપર રોડ પરના બીપીનભાઈ પંડિત, મામા ફટાકડા, બહુચર ફટાકડા, તેમજ અવની ચોકડી નજીક પાટીદાર ફટાકડા, કેનાલ રોડ પરના હરી ફટાકડા, અવની ચોકડી પાસેના શ્યામ ડીલક્ષ ફટાકડા, શનાળા રોડ પર હરી કૃષ્ણ ફટાકડા, પટેલ ફટાકડા, ઉમિયા ફટાકડા, જોકર ફટાકડા અને મોમાઈ ફટાકડા તેમજ પંચાસર રોડ પર ટીપટોપ ફટાકડા, ક્રિષ્ના ફટાકડા, ક્રિષ્ના ફટાકડા, બાલાજી ફટાકડા રાકેશભાઈ ફટાકડા, મહમદ ફટાકડા તે ઉપરાંત વાવડી રોડ પર મોમાઈ ફટાકડા, ભાર્ગવ જયેશભાઈ ફટાકડા, સિદ્ધરાજસિંહ જાડેજા ફટાકડા, નરેશ મણીલાલ ફટાકડા અને સ્ટેશન રોડ પર ભૂદેવ ફટાકડાની યાદી સોપવામાં આવી છે જે તમામ ફટાકડા સ્ટોલ મંજુરી વગર ઉભા કરવામાં આવ્યા છે જેથી તેની વિરુદ્ધ કાયદેસર કાર્યવાહી કરવા જણાવ્યું છે